ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0



શેરી ગરબાની પરાકાષ્ટા -નવરાત્રીના અંતિમ દિવસે શેરી ગરબામાં ગરબા પ્રેમીઓ ઉમટ્યા હતા... સેકટર-૩ડીના નવરાત્રી ચોકમાં અબાલવૃદ્ધ સૌ મનભરીને ગરબે ધુમ્યા હતા... ગરબામાં ઉમટેલા ભાવિકોની એરીયલવ્યૂથી લેવાયેલી તસવીર શેરી ગરબાની પરાકાષ્ટાનું પ્રતિબિંબ પાડે છે... અંતિમ ચરણમાં ભાવિકો અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી હતી... કે હે માતાજી આવતી નવરાત્રીએ ખુલ્લા મને તમારા ગુણલા ગાવાનો રૂડો અવસર આપજો...

# શહેરને ગુરૂવારે નવા મેયર મળશે

**મનપાની પ્રથમ સામાન્ય સભા ૨૧મી ઓક્ટો.ના રોજ મળશે : મંગળવારે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળે તેવી સંભાવના**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાની પ્રથમ સામાન્ય સભા ૨૧મીના રોજ મનપાના સભાખંડમાં કમિશનર ડૉ. ધવલ પટેલના અધ્યક્ષપદે મળશે.

ગાંધીનગર મનપાની આ પ્રથમ સામાન્ય સભામાં સૌ પ્રથમ મેયરની ચૂંટણી હાથ ધરવામાં આવશે જ્યારે નવા મેયર દ્વારા ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની ચૂંટણી હાથ ધરવામાં આવનાર છે.

ગાંધીનગર મહાનગર પાલિકાનુ મેયરપદ અનુ. જાતિના ઉમેદવાર માટે અનામત રાખવામાં આવેલ છે. આ પદ પર મહિલા ઉમેદવાર કે પુરૂષ ઉમેદવાર તે અંગેની કોઈ સ્પષ્ટતા નથી.

ગાંધીનગર મહાનગરપાલિકામાં પાંચ બેઠકો અનામત છે અને પાચેય બેઠક પર ભાજપના ઉમેદવારો વિજેતા બન્યા છે જેમાં બે પુરૂષ અને ત્રણ મહિલા સદસ્યો છે.

મનપાના મેયરપદ માટે હજુ કોઈ આખરી નિર્ણય લેવામાં આવ્યો નથી જો કે આ પદ મહિલા ઉમેદવારની પસંદગી પણ થઈ શકે છે. આમ તો હિશેત મકવાણાને આજે પ્રબળ દાવેદાર માનવામાં આવી રહેલ છે. આ પછી ભરતબાઈ દિક્ષીતને પણ એટલા જ પ્રબળ દાવેદાર ગણવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં અત્યાર સુધી ભાજપમાંથી વિજયી થઈ અને મેયર બન્યા હોય તેવાં રીટાબેન કે. પટેલ એક માત્ર મેયર છે. જ્યારે અન્ય ત્રણ પૂર્વ મેયરો કોંગ્રેસમાંથી વિજયી થઈ અને પછી પક્ષાંતર કરી ભાજપમાં આવ્યા હતા.

આ વખતે ભાજપે ૪૪માંથી ૪૧ બેઠકો પર વિજય પ્રાપ્ત કરી અને સત્તા મેળવી છે. ભાજપનું પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ આગામી બે દિવસ બાદ એટલે કે મંગળવારે મળશે અને તેમાં આ પદ માટેના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ગાંધીનગર મનપાની ચૂંટણી ૩જી ઓક્ટો.ના રોજ યોજાઈ હતી અને ૫મી ઓક્ટો.ના રોજ પરિણામ જાહેર થયા હતા. આ વખતે ભાજપમાં ૨૨ મહિલા ઉમેદવારો વિજયી બની છે એટલે ભાજપ મહિલાઓને વધુ અગ્રતા આપી મહિલા સશક્તિકરણનો સંદેશ આપે તેવા સંકેતો મળી રહ્યા છે.

## શહેરમાં ગુલાબી ઠંડીનો ચમકારા વચ્ચે બેવડી ઋતુથી જનજીવન પ્રભાવિત

**વરસાદી વાદળો દુર હટતા મોસમનો મિજાજ બદલાયો : દિવસે આકરો તાપ અને વહેલી સવારે અને મોડીરાત્રે ઠંડક : લઘુત્તમ તાપમાન ૨૧ ડીગ્રી**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા દિવસનો તાપ ભાદરવા જેવો આકરો બન્યો છે. આસોની અજવાળી રાતના ઓજસ પથરાયા બાદ હવે રાત્રિના સમયે ધીમે ધીમે ઠંડક થતી જાય છે. મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરે છે. જેના લીધે નગરજનો હાલ બેવડી ઋતુથી પ્રભાવિત છે. દિવસે મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રીની આસપાસ રહે છે. જયારે લઘુત્તમ તાપમાન પણ હવે ૨૦ ડીગ્રીની નજીક પહોંચ્યુ છે. જેના લીધે વાતાવરણમાં ઠંડીનો ચમકારો વર્તાય છે. બેવડી ઋતુની અસર વચ્ચે વહેલી સવારે ઠંડીનો ચમકારો વર્તાય છે. મોસમના બદલાતા મિજાજ વચ્ચે જનઆરોગ્ય પણ પ્રભાવિત છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૨૧ ડીગ્રી રહ્યુ હતુ.

વાદળ વિખરાયા બાદ અજવાળા પણ આવી ગયા હવે આકાશમાંથી વરસાદી વાદળો દુર હટયા છે દિવસનો તાપ પણ આકરો અને અસહ્ય અનુભવતા નગરજનો અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. આ વખતે ભાદરવો તપ્યો નથી. આકાશી નઝારો સતત વરસાદી વાદળોથી ઘેરાયેલો રહેતા ભાદરવો તપ્યો ન હતો. નવરાત્રિના પ્રારંભે પણ વરસાદી નઝારો જોવા મળ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી મોસમમાં બદલાવ જોવા મળી રહ્યો છે. વાતાવરણમાં દિવસે આકરા તાપ વચ્ચે ગરમીનો અહેસાસ કરતા નગરજનો વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડી અનુભવી રહ્યા છે. વહેલી સવારે ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળે છે. જેના લીધે બેવડી ઋતુથી જન આરોગ્ય પણ પ્રભાવિત થયુ છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૪.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૧ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ વધ્યો છે. ઠંડી ગરમીની બેવડી ઋતુની શરૂઆત થતા નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. જો કે નવરાત મહોત્સવ દરમિયાન વરસાદી વિઘ્ન ન નડતા શેરી ગરબાના આયોજકો પણ હવે હળવા મુડમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૩૫ ડીગ્રીની આસપાસ જોવા મળી રહ્યો છે. જયારે આજે લઘુત્તમ તાપમાન ૦.૫ ડીગ્રી ઘટીને ૨૧ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. વાતાવરણમાં અચાનક જ ઠંડીનો ચમકારો વર્તાવા લાગ્યો છે. મોસમનો બદલાતો મિજાજ હાલ ટોક ઓફ ધ ટાઉન છે.

## રાજ્યમાં કોરોના નવા ૧૪ કેસ

ગાંધીનગર, તા.૧૫

કોરોનામાં આંકડાઓમાં રોજેરોજ આસમાની સુલતાની જોવા મળી રહી છે. કાલે ૩૪ કેસ હતા જે આજે અચાનક ઘટીને ૧૪ થઈ ગયા છે. તો બીજી તરફ ૧૭ દર્દીઓએ કોરોનાને મ્હાત પણ આપી છે, જેના પગલે અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૯૬૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જેના પગલે રાજ્યનો કોરોના રિકવરી રેટ વધીને ૯૮.૭૫ ટકાએ પહોંચી ગયો છે. અત્રે નોંધનીય છે કે, કોરોનાના આંકડાઓમાં સતત સુધારો થઈ રહ્યો છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૨૧૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ લોકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૦૭ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૫,૯૬૦ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે, કોરોનાને મ્હાત આપી ચુક્યા છે.

બીજી તરફ ૧૦૦૮૬ નાગરિકોના કોરોનાને કારણે મોત થઈ ચુક્યા છે. જો કે રાહતના સમાચાર છે કે કોરોનાને કારણે આજે એક પણ નાગરિકનું મોત નથી થયું.

## રવિવાર અને જાહેર રજાના દિવસે આરોગ્ય કર્મચારીઓ વેક્સિનેશનથી અળગા રહેશે

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારના જિલ્લા પંચાયતના પંચાયત સેવા હેઠળના કર્મચારીઓ જાહેર રજા અને રવિવારની રજાના દિવસે વેક્સીનેશનની કામગીરીથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘે આ અંગે આદેશ આપી આ નિર્ણયની ઘોષણા કરી છે.

રાજ્યમાં ૩૩ જિલ્લાના પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓ છેલ્લા દોઢ વર્ષથી સતત કોરોનાની કામગીરી કરી રહ્યા છે. તેમને એક પણ રજાનો લાભ આપવામાં આવ્યો નથી આથી કર્મચારીઓ માનસિક અને શારીરિક રીતે ભાંગી ચુક્યા હોવાનું મહાસંઘે તેની યાદીમાં જણાવ્યુ છે.

જો કે મહાસંઘે કોવિડ પોઝિટીવ કેસો અને અન્ય રોગચાળાના કેસોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં કર્મચારીઓ તેમની ફરજ પર હાજર રહેશે અને કામગીરી ચાલુ રાખશે તેમ સ્પષ્ટ જણાવ્યુ છે.

કર્મચારી મહાસંઘના આદેશને પગલે આજે રાજ્યમાં વેક્સીનેશનની કામગીરી સાવ ધીમી પડી જવા પામી છે. સરકારે આ ફિલ્ડ કર્મીઓ માટે કોઈ પ્રોત્સાહક આર્થિક પેકેજ જાહેર ન કર્યુ હોવાથી પણ આ કર્મયોગીઓમાં નિરાશા પ્રવર્તી રહી છે.

## ગાંધીનગર તાલુકામાં પંચાયત ચૂંટણીઓ માટે ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરાઈ

**જિલ્લામાં ૧૮૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાવામાં આવનાર છે**

ગાંધીનગર, તા. ૧૫

આગામી ડિસેમ્બરમાં યોજાનારી પંચાયતની ચૂંટણીઓ માટે તંત્રએ તેની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે. ગાંધીનગર તાલુકાની ૫૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ માટે ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણુંક હુકમો કરી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૪ જેટલા ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે.

ચૂંટણી અધિકારી તરીકે વી.ડી. પંચાલ, એન.ડી. પટેલ, વી.એ. પટેલ, બી.કે. ડામોર, પી.કે. સોનવા, દર્શનકુમાર આચાર્ય, વી.કે. પટેલ, શ્રીમતિ કે.જે. ઠાકોર, કુ. એ.આર. રાવલ, તાલુકા પંચાયતના અધિકારીઓ છે તેમને તેમજ સુશ્રી લત્તાબેન પરમાર, સુશ્રી નિલાબા ગોહિલ, પુષ્પરાજ ખોલી ક્ષત્રિય અને પ્રકાશ દેસાઈ જે મામલતદાર કચેરીમાં ફરજો બજાવે છે તેમને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ચૂંટણી અધિકારીઓને સરેરાશ ૪ થી પાંચ ગામોના ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ચૂંટણીની કામગીરીનો ધીમી ગતિએ આરંભ કરી દેવામાં આવ્યો છે. જિલ્લામાં ૧૮૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાવામાં આવનાર છે. આ ચૂંટણી માટે મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ ૨૮મી ઓક્ટો.ના રોજ થવાની છે.

# ગાંધીનગરના ઓટો સેકટરમાં તેજીના તિખારા વચ્ચે પણ મંદીનો મિજાજ

**કાર બજારમાં તેજી : કાર ખરીદવા માટે ગ્રાહકો ઉત્સુક : તોતિંગ બુકીંગ સામે ડીલીવરી આપવાનુ મુશ્કેલ : ૧૦૦ કારના બુકીંગ સામે માંડ ૪૦ ની ડીલીવરી : નવરાત્રિ દશેરાના શુભ મુહુર્તમાં કાર ખરીદવા ઇચ્છતા નગરજનોએ હજુ ત્રણથી પાંચ મહીના રાહ જોવી પડશે**

ગાંધીનગર તા ૧૫

ભારતીય સંસ્કૃતિમાં કોઈપણ શુભ કામ કરવામાં મુહુર્ત અત્યંત મહત્વનુ બની જાય છે. ધર્મ અને સંસ્કૃતિ સાથે વણાયેલા રીતી રિવાજો મુજબ તહેવારોના દિવસોમાં મનગમતી ચીજવસ્તુઓની ખરીદી કરવાનો મહીમાં પણ વિશેષ છે નવરાત્રિ અને દશેરાના તહેવારમાં વાહન ખરીદી માટે વિશેષ ક્રેઝ જોવા મળે છે. માટે જ આ દિવસોમાં કાર ડીલર્સ પણ વધુમાં વધુ વાહનોની ડીલીવરી કરવાનો આગ્રહ રાખે છે. પરંતુ આ વર્ષે કોરોના ઈફેક્ટના લીધે ઓટો બજારમાં તેજીના તણખારા વચ્ચે પણ કંઈક અંશે નિરસતા જોવા મળી રહી છે. જેની પાછળ કાર ઉત્પાદન પર જોવા મળતી વિપરિત અસરો જવાબદાર છે કોરોનાના કાળમાં કારના ઉપયોગમાં લેવાતી ચીપ્સના અભાવે કાર ડીલર્સ બુકીંગ મુજબ કારની ડીલીવરી આપી શક્યા નથી જેના લીધે ગ્રાહકોમાં પણ કકળાટ પ્રવર્તયો છે. દશેરાના દિવસે ૧૦૦ કારના બુકીંગ સામે માંડ ૪૦ કારની ડીલીવરી થઈ શકી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

નવરાત્રી અને દિવાળીના સમયમાં જીવન જરૂરી ચીજવસ્તુઓ સહીત મોજશોખ પાછળ પણ વિશેષ ખર્ચ થતો હોય છે. તેમાંય ખાસ કરીને નવા વાહન ખરીદવા માટે સૌ કોઈ ઉત્સુક હોય છે. નવરાત્રિ અને દશેરાના તહેવારમાં પણ શહેરીજનો દરવર્ષે વાહન ખરીદી માટે ઉત્સાહી જણાય છે. છેલ્લા બે વર્ષથી કોરોનાના કપરા સમય ગાળા વચ્ચે ઓટો સેકટરને તગડો માર પડયો છે. અલબત્ત ઓટો ઉદ્યોગ માટે અનેક પડકારો ઉભા થયા છે. કોરોનાની બીજી લહેરના અંતે બજારમાં વાહનોની ખરીદી માટે ડીમાન્ડ ખુબ વધી છે. જેના લીધે આજકાલ નવરાત્રિના તહેવારમાં પણ વાહન ખરીદી માટે ઓટો શો રૂમ પર ભીડ જોવા મળે છે. ગાંધીનગરમાં પણ ઓટો સેકટર્સમાં તેજીના વાદળો છવાયેલા જોવા મળે છે. પરંતુ આ સ્થિતિ વચ્ચે અનેક અવરોધો પણ આડા ઉભા હોવાથી કારના વેચાણ મામલે ઓટો ડીલર્સે હાથ સંકોચી લેવાનો વારો આવ્યો છે. શહેરમાં વિવિધ હુન્ડાઈ , મારુતિ, ટાટા સહીતના વિવિધ ઓટો શો રૂમમાં કાર ખરીદી માટે સતત ઈન્કવાયરી કરતા ગ્રાહકોને કાર ડીલીવરીના મામલે લાંબા સમયના વેઈટીંગ લીસ્ટમાં મુકાવાનો વારો આવ્યો છે. કાર ડીલર પાસે તગડુ બુકીંગ છે. પરંતુ ગ્રાહકને આપવા માટે કાર નથી. સામાન્ય રીતે નવરાત્રિથી લઈને દશેરા સુધીમાં શહેરીજનો કારની ખરીદી વિશેષ કરે છે. નવરાત્રિ અને દશેરા વાહન ખરીદી માટે આમ પણ ઉત્તમ માનવામાં આવે છે. પરંતુ કાર ઉત્પાદનમાં નડતા અવરોધોના લીધે કાર ડીલર્સ ગ્રાહકોની ડીમાન્ડ સંતોષી શકે તેમ નથી. પંજાબ હુન્ડાઈના મેનેજર ધર્મેશભાઈના જણાવ્યા મુજબ આમ તો નવરાત્રિના સમયગાળામાં ૪૦૦ કારનુ બુકીંગ આવે છે. જયારે આ વર્ષે માત્ર ૨૦૦ કારનુ બુકીંગ છે. દશેરા માટે ૧૦૦ કારનુ બુકીંગ છે. પરંતુ કાર ઉત્પાદનમાં નડતા ચીપના અવરોધના લીધે માત્ર ૩૮ કારની જ ડીલીવરી આપી શકાશે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે માર્કેટમાં કારની હોટ ડીમાન્ડ છે. ગ્રાહકો રોજ આવે છે સમયસર કારની ડીલીવરી માટે દબાણ કરે છે. પરંતુ પ્રોડકશનમાં સમસ્યા હોવાથી ગ્રાહકને કાર આપી શકાતી નથી. માર્કેટમાં કારની ડીમાન્ડ વધુ છે પરંતુ કાર ડીલરો પાસે કાર નથી. કારના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતી મહત્વની

● અનુસંધાન પાન-૭ પર

## ઓટો ઉદ્યોગ માટે સેમી કન્કટર ચીપ સમસ્યા બની...

ગાંધીનગર તા ૧૫


દુનિયામાં કારનુ નિર્માણ કરતી કંપનીઓ માટે નાની ચીપ સમસ્યાનુ કારણ બની છે. નવી કાર ખરીદનારા માટે હાલ આ મહત્વની વાત છે. આખી દુનિયામાં સેમી કન્ડકટર ચીપની કમી વર્તાઈ રહી છે. હાલ કાર ખરીદવા માટે ચાર મહીનાથી એક વર્ષ સુધીની રાહ જોવી પડે છે. કોરોના વાયરસના કપરા સંજોગોમાં દુનિયામાં સેમી કન્કટર ચીપનુ ઉત્પાદન ઠપ્પ થઈ ગયુ છે. જયારે આ વર્ષે પણ માંગની સામે સપ્લાય ઓછો છે. દુનિયામાં જેટલી પણ કાર બને છે. જેમાં પાવર સ્ટેયરીંગ, બ્રેક સેન્સર, એર બેગ્સ , એન્ટરટેઈન્મેન્ટ સિસ્ટમ ,પાર્કીંગ કેમેરામાં આ ચીપનો ઉપયોગ થાય છે. આજે બનતી કારમાં એક હજારથી વધુ ચીપનો ઉપયોગ થાય છે. જેના વગર અદ્યતન કારનુ ઉત્પાદન શક્ય નથી. જેના લીધે કારની ડિમાન્ડ સંતોષાતી નથી દુનિયામાં ગણીગાંઠી કંપની જ આ ચીપ બનાવે છે. ભારતની કોઈપણ કંપની આ પ્રકારની ચીપ બનાવતી નથી. ભારતમાં આ ચીપની સપ્લાય મલેશિયામાંથી થાય છે. પરંતુ કોરોના કાળમાં આ બધુ વિલંબમાં પડયુ છે. ઓટો ઉદ્યાગમાં પણ મુશ્કેલીના વાદળો ઘેરાયા છે. ગાંધીનગરના કાર ડીલર્સ પણ બુકીંગની સામે ૫૦ ટકા કારની ડીલીવરી પણ આપી શક્યા નથી. કોરોનાની બીજીવેવના અંતે હાલ કાર હોટ ડીમાન્ડમાં છે. કાર જોવા માટે તેમજ બુકીંગ કરાવવા માટે કાર શો રૂમ પર સતત ઈન્કવાયરી કરતા ગ્રાહકોની ભીડ જોવા મળે છે. ત્યારે ઓટો સેકટર માટે નાની પણ મહત્વની ચીપના લીધે ખુબજ પ્રભાવિત છે. +

## શહેરમાં બુકીંગ સામે માંડ ૫૦૦ કારની ડીલીવરી.. !!

ગાંધીનગર તા ૧૫

કોરોનાના કપરા કાળમાં બીજી લહેરના અંતે કાર બજારમાં તેજી જોવા મળી રહી છે. નગરજનો કાર ખરીદવા માટે ઉત્સાહ દાખવી રહ્યા છે. પરંતુ કારના ઉત્પાદનમાં અત્યંત મહત્વની ચીપના અભાવે ગ્રાહકોને કારની ડીલીવરી ન આપી શકતા કાર ડીલરો પણ લાચારી સેવી રહ્યા છે. જેના લીધે તેજીના અણસાર વચ્ચે પણ નગરના ઓટો સેકટરમાં નિરસતા જોવા મળી રહી છે. સામાન્ય રીતે નવરાત્રિથી દશેરા વચ્ચેના ૧૦ દિવસના સમયગાળામાં જ કાર માટે તોતિંગ બુકીંગ આવતુ હોય છે. પરંતુ આ વખતે બુકીંગ છે પરંતુ કાર નથી તેવી સ્થિતિ વચ્ચે પણ શહેરમાં ૫૦૦ જેટલી કારની ડીલીવરી આપવામાં આવી હોવાનો અંદાજ છે. જો કે કાર ડીલીવરીનો આ આંકડો બુકીંગની સામે ૪૦ ટકાથી પણ નીચો છે. સમયસર કાર નહીં મળવાના લીધે ગ્રાહકોમાં પણ નિરાશા વ્યાપી રહી છે. આજે પણ દિવસ દરમિયાન પોતાની કારના બુકીંગ સામે આજે જ ડીલીવરી મળી રહે તે માટે ગ્રાહકો ડીલરો પાસે કાકલુદી કરતા નજરે પડયા હતા. કાર ખરીદી વખતે સામન્ય રીતે ડીસ્કાઉન્ડનો મુદ્દો મુખ્ય બનતો હોય છે પરંતુ આ વર્ષે કારની ડીલીવરી સમય મુજબ મળી જાય અને મુહુર્ત સચવાઈ જાય તે વાત મુખ્ય બની હતી. ગ્રાહકોને તેમના મુહુર્ત સમયે કાર ન આપી શકાતા કાર ડીલર્સ પણ સે..સોરી.. ના મુડમાં હતા.

### શ્રદ્ધાંજલિ



અમારા પૂજ્ય પિતાશ્રી મહેન્દ્રભાઈ એ. દવે તા. 11-10-2021ને સોમવારના રોજ હાટકેશશરણ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. 17-10-2021ને રવિવારના રોજ સવારે 10થી 12 કલાક દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઝુલેલાલ સાંઈબાબા મંદિર, 21/30 બસ સ્ટેન્ડની સામે, સેક્ટર-30, ગાંધીનગર

ગં.સ્વ. સાવિત્રીબેન મહેન્દ્રભાઈ દવે

અનુપમ એમ. દવે M. 9869623225 | શ્રીમતી કોકિલા એ. દવે M. 9869145094 | નીતા રોહિત કોઠારી M. 9825414450

તથા સમસ્ત દવે પરિવાર

### બેસણું



મારા પિતાશ્રી **જયેશભાઈ કેશવલાલ શ્રીમાળી**નું તા. ૧૪-૧૦-૨૦૨૧ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૭-૧૦-૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૨** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : એમ.આઈ.જી. ૮/૮૭, સરદાર પટેલ હાઉસીંગ સોસાયટી, દાંડી કુટિરની બાજુમાં, સેક્ટર-૧૪, ગાંધીનગર**

દિવ્યાંશ જયેશભાઈ શ્રીમાળી (પુત્ર)
તીર્થરાજ યતિનભાઈ શ્રીમાળી (ભત્રીજો)
કુ. રિદ્ધિ જયેશભાઈ શ્રીમાળી (પુત્રી)
કનુભાઈ જીવણલાલ શ્રીમાળી (કાકા)
સુમનભાઈ જીવણલાલ શ્રીમાળી (કાકા)
કિરીટભાઈ જીવણલાલ શ્રીમાળી (કાકા)
તથા સમસ્ત જીવણભાઈ ડાહ્યાભાઈ ડાભડીયા પરિવાર


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com